વર્ષ : ૪ અંક : ૭ ડિસેમ્બર–૨૦૨૧

# પલાશ

## ‘‘મૂછાળી મા’’

## ગિજુભાઈ બધેકા



શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

સુરેન્દ્રનગર

# ઈનોવેશન ફેસ્ટિવલની તસવીરો













## સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા ત્રિમંદિર ખાતે ઈનોવેશન ફેસ્ટીવલ યોજાયો

સુરેન્દ્રનગરઃ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટીવલનું ત્રિમંદિર ખાતે આયોજન કરાયું હતું, જેમાં ૩૦થી વધુ ઈનોવેટિવ શિક્ષકોએ કૃતિ રજૂ કરી હતી. જેમાં પ્રાથમિક, માધ્યમિક ક્ષેત્રે શિક્ષકો શિક્ષણનું ઈનોવેશન ક્રાંતિ રજૂ કરે છે. સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા આ વર્ષે પણ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરાયું હતું.બે દિવસીય ફેસ્ટીવલમાં જીલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ નરેન્દ્રભાઈ મુંજપરા, ડાયેટ પ્રાચાર્ય સી. ટી. ટુંડિયા,નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી એમ. જી. રાઠવીના હસ્તે પ્રારંભ કરાયો હતો. સાતમા ફેસ્ટીવલમાં ૩૦ શિક્ષકે વૈજ્ઞાનિક કૃતિ રજૂ કરી હતી. જેમાં સાંસ્કૃતિક, પાણી, પ્રદૂષણ, અધ્યયન, શિક્ષણ વગેરેની કૃતિઓએ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે તાલીમ ભવનના પ્રાચાર્ય સી. ટી. ટુંડિયાએ તમામ શિક્ષકોને ૧૦૦૦ વૃક્ષોનું વિતરણ કર્યું હતું જ્યારે પર્યાવરણ જાળવણી માટે તેનું વાવેતર અને ઉછેરનો સંકલ્પ કરાયો હતો.




દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 05-01-2022

## ઝાલાવાડમાં શિક્ષણમાં ઈનોવેશન 1000 વૃક્ષોનું વાવેતર કરવા સંકલ્પ

### જિલ્લાકક્ષાના ઈનોવેશન ફેસ્ટીવલમાં વૃક્ષારોપણ કરવા સંકલ્પ લેવાયા, પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા વૃક્ષોના રોપાનું વિતરણ કરાયું

ભાસ્કર ન્યૂઝ | વઢવાણ

સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટીવલનું ત્રિમંદિર ખાતે આયોજન કરાયું હતું, જેમાં 30થી વધુ ઈનોવેટિવ શિક્ષકોએ કૃતિ રજૂ કરી હતી. આ તકે શિક્ષણમાં ઈનોવેશન સાથે 1000 વૃક્ષોનું વિતરણ કરી વાવેતર અને ઉછેરનો સંકલ્પ કરાયો હતો. શિક્ષણનગરી સુરેન્દ્રનગરમાં દર વર્ષે કાંઈક નવું સંશોધન કરવામાં આવે છે, જેમાં પ્રાથમિક, માધ્યમિક ક્ષેત્રે શિક્ષકો શિક્ષણનું ઈનોવેશન ક્રાંતિ રજૂ કરે છે. સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા આ વર્ષે પણ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરાયું હતું. બે દિવસીય ફેસ્ટીવલમાં સમિતિના અધ્યક્ષ નરેન્દ્ર મુંજપરા, ડાયેટ પ્રાચાર્ય સી. ટી. ટુંડિયા, નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી એમ. જી. રાઠવીના હસ્તે પ્રારંભ કરાયો હતો. સાતમા ફેસ્ટીવલમાં 30 શિક્ષકે વૈજ્ઞાનિક કૃતિ રજૂ કરી હતી. જેમાં સાંસ્કૃતિક, પાણી, પ્રદૂષણ, અધ્યયન, શિક્ષણ વગેરેની કૃતિઓએ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે તાલીમ ભવનના પ્રાચાર્ય સી. ટી. ટુંડિયાએ તમામ શિક્ષકોને 1000 વૃક્ષોનું વિતરણ કર્યું હતું જ્યારે પર્યાવરણ જાળવણી માટે તેનું વાવેતર અને ઉછેરનો સંકલ્પ કરાયો હતો.



■ ઈનોવેશન ફેસ્ટિવલમાં પર્યાવરણ જાળવણી માટે વૃક્ષોના રોપા વિતરણ કરાયા. તસવીર- [illegible]

# પલાશ

વર્ષ : ૪ અંક : ૭


અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા

## સલાહકાર સમિતિ

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
શ્રી પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

## સંપાદક મંડળ

શ્રી ચંદ્રકાન્તભાઇ વ્યાસ
ડૉ. કેતનભાઇ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા


## પલાશત્વ...

ગુરુજનો, પ્રણામ...

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાથમિક શિક્ષકો દ્વારા વર્ગખંડ-શાળામાં જે ઇનોવેશન (નવાચાર) કરે છે તેને પ્રસ્તુત કરતો જિલ્લા કક્ષાનો સાતમો ઇનોવેશન ફેર યોજાઇ ગયો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૧માં જે નવાચારની બાબતે બ્લ્યૂ પ્રિન્ટ રજૂ કરવામાં આવી છે તેમાં શિક્ષકને ટેક્નોલોજી સાથે કદમ મિલાવવાની બાબતો સૂચિત કરી છે.

ડાયેટ-સુ.નગર દ્વારા છઠ્ઠા અને સાતમાં ઇનોવેશન ફેર ડાયેટની યુ-ટ્યૂબ ચેનલ પર મુકવામાં આવેલો છે. જે ઇનોવેશન આપ સૌ નિહાળી વર્ગખંડમાં - શાળા અને ગ્રામ કક્ષા સુધી વિચરે તેવો પ્રયત્નો નીચે વર્ગખંડમાં કાર્યાન્વિત કરીએ.

ડાયેટ - સુરેન્દ્રનગરની યુ-ટ્યુબ ચેનલ સૌને સબસ્ક્રાઇબ કરવા વિનંતી છે.

બાળકોના માનસિક સ્વાસ્થ્યને ધ્યાને રાખી તેમની સાથે વર્તન-વ્યવહાર કરીએ, પ્રેમ કરીએ.

પ્રેમ દેવો ભવઃ


**: પત્રવ્યવહાર – સંપર્ક :**

ફોન નં. (૦૨૭૫૨) : ૨૨૩ ૧૭૦
મોબાઇલ નં. : ૭૫૬૭૮ ૬૫૪૬૭
ઇ-મેઇલ : palash.dietsnr@gmail.com
બ્લોગ : dietsurendranagar.blogspot.com
વેબસાઇટ : www.dietsnr.org

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | કોડિંગ ક્લાસ - અધ્યયનની નવી પદ્ધતિ | ૩ |
| ૨ | સાતમા એયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલ - અહેવાલ | ૫ |
| ૩ | પૃથુગઢ પ્રાથમિક શાળા એક પરિવાર | ૧૦ |
| ૪ | ‘‘આપણી કાંઇ ચિંતાઓ કરશો નહિ રામ અને નિરાંતે સુઇ જજો શામળા’’ | ૧૩ |
| ૫ | ‘દક્ષિણાયન’ - પુસ્તક પરિચય | ૧૫ |


## : લેખકો માટે :

- પલાશ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઇઝ ૧૨ મા કમ્પ્યુટરરાઇઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ–મેઇલ એડ્રેસ : palash.dietsnr@gmail.com પર મોકલવા અને ભાવ–પ્રતિભાવો પણ ઉપરના ઇ–મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોશ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર – વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહિં.

# Coding Class - અધ્યયનની નવી પદ્ધતિ

- નીતિન પંચાલ

નમસ્કાર મિત્રો, તા.૩૦/૩૧ ડિસેમ્બર–૨૦૨૧ના રોજ આપણા સુરેન્દ્રનગર જિલ્લાનો 'ઇનોવેશન ફેસ્ટીવલ' યોજાઇ ગયો. જેમાં ૩૦ જેટલા જુદા જુદા ઇનોવેશન શિક્ષક મિત્રો દ્વારા રજુ થયા. આ ઇનોવેશન ફેસ્ટીવલમાં મને પણ મારો નવાચાર રજુ કરવાની તક મળી.

મિત્રો, આપણે જાણીએ છીએ કે કોરોનાના સમયગાળા દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ અમલ મૂકવામાં આવી. જેમાં Information and communication technology નું શિક્ષણના પત્યેક તબક્કે સંકલન કરવાની ભલામણ કરવામાં આવી છે. જે અંતર્ગત ઉચ્ચ પાથમિક શાળાના (ધો.૬ થી ૮ના) બાળકોને પ્રારંભિક કોડિંગ શીખવવાની વાત રજુ થઇ છે. જેથી વિદ્યાર્થીઓ પ્રારંભિક શિક્ષણથી કોડિંની સમજ કેળવે. કોવિડ–૧૯ના સમય દરમ્યાન આપણે કોડિંગ, આર્ટીફિશયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ જેવાં શબ્દો વારંવાર સાંભળતા થયા છીએ.

- **કોડિંગઃ-**

આપણે સહું જાણીએ છીએ કે કમ્પ્યૂટર, લેપટોપ, મોબાઇલ ફોન, ટેબ્લેટ આ બધા જ ઇલેક્ટ્રોનિક ડિવાઇસ છે. આ બધા સાધનોનો આપણે જુદો જુદો ઉપયોગ કરીએ છીએ અને આપણને જટીલ કાર્યો સરળતાથી પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે. પરંતુ આ બધા મશીન છે તેમને પોતાની વિચાર શક્તિ નથી. આપણે તેમને આ કાર્યો કરવા માટે સુચનો આપવા પડે છે. કમ્પયૂટર આપણી ભાષા સમજી શકતું નથી. કમ્પ્યૂટર સમજી શકે તેવી ભાષામાં સૂચનો આપવા એટલે કોડિંગ. કોડિંગ એ ક્રમબદ્ધ સૂચનાઓને આપવાની પ્રક્રિયા છે.

- **કોડિંગ શીખવાના ફાયદા :-**

(૧) વિદ્યાર્થીની વિચારશક્તિનો વિકાસ થાય :–
કોઇ એક પ્રોગ્રામનું કોડિંગ કરતી વખતે ઘણું બધું વિચારવું પડે છે. મોટી સમસ્યાને નાના નાના ટૂકડામાં વહેંચી તેનો ઉકેલ લાવવાનું વિચારે છે. કોઇ એક સમસ્યાનો ઉકેલ એક રીતે ન મળે તો તેના ઉકેલ માટે બીજી રીતે વિચારવું.

(૨) વિદ્યાર્થીની સર્જનશક્તિનો વિકાસ થાય :–
કોડિંગ દ્વારા વિદ્યાર્થી નવીન રીતે વિચારીને કોઇ પ્રોગ્રામ કે ગેમ તૈયાર કરે છે તેથી તેમની સર્જનાત્મકતાનો વિકાસ થાય છે.

(૩) વિદ્યાર્થીની ગાણિતિક શક્તિનો વિકાસ થાય :–
કોડિંગ કરતી વખતે વિદ્યાર્થીએ તાર્કિક રીતે વિચારવાનું તો હોય જ છે. સાથે સાથે તેમની ગાણિતિક શક્તિનો પણ ભરપૂર ઉપયોગ થાય છે.

(૪) કોડિંગ ભવિષ્ય છે :–
આવનાર ભવિષ્યમાં દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાત અનુસાર કોડિંગ કરી, નાના પ્રોગ્રામ તૈયાર કરી પોતાને અનુકૂળ વાતાવરણ કરી શકશે.

## ઈનોવેશનના હેતુઓ :

- વિદ્યાર્થીઓ કોડિંગ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ મોબાઈલનો રચનાત્મક ઉપયોગ કરતાં થાય.
- રાષ્ટ્રિય શિક્ષા નીતિ ૨૦૨૦ના હેતુની સિદ્ધિ થાય.
- વિદ્યાર્થીઓ તેમણે શીખેલા કોડિંગના જ્ઞાનનો વિવિધ પ્રોજેક્ટ દ્વારા વિવિધ અધ્યયન નિષ્પત્તિઓના સિદ્દિ માટે ઉપયોગ કરતાં થાય.

## ઈનોવેશનની કાર્યપદ્ધતિ :

- વિદ્યાર્થીઓ કોરોના કાળ દરમ્યાન મોબાઈલનો વધારે પડતો ઉપયોગ કરવા લાગ્યા. જેમાં પણ ચોક્કસ પ્રકારની ગેમ્સ વધારે પડતી રમતા. જેથી મોબાઈલનો સદુપયોગ કરતાં થાય તેમજ ગેમ્સ પ્રત્યેનું વળગણ ઓછું થાય તે હેતુથી કોડિંગ ક્લાસની શરૂઆત કવામાં આવી.
- રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓને કોડિંગની પ્રારંભિક સમજ આપવાનું સૂચવ્યું છે જેથી વિદ્યાર્થીઓની ગાણિતિક અને તાર્કિક ચિંતન શક્તિનો વિકાસ થાય. કોડિંગ એ આવનાર ભવિષ્યનું કૌશલ્ય છે. વિદ્યાર્થીઓ જાતે જ ગેમ્સ બનાવતા થાય તેમજ એપ બનાવતા થાય તે તેનો હેતુ છે.
- શ્રેષ્ઠ શિક્ષક તરીકે મળેલા પુરસ્કારમાંથી NCERT, DELHI તેમજ IITE, ગાંધીનગર દ્વારા યોજાયેલ ઓનલાઇન કોર્સમાં જોડાઇ પ્રારંભિક કોડિંગની તાલીમ મેળવીને તે જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ મોબાઇલમાં ગેમ રમવાને બદલે ગેમ બનાવતા થાય તેની પાછળના કોડિંગને સમજે અને મોબાઇલનો સદુપયોગ શિક્ષણ મેળવવા કરે તેવા હેતુથી દર શનિવારે કોડિંગ ક્લાસનું આયોજન કરવામાં આવે છે.
- જેમાં ધોરણ ૭ અને ૮ના ૨૭ જેટલા વિદ્યાર્થીઓ પ્રાથમિક કક્ષાનું કોડિંગ શીખીને વિવિધ પ્રોજેક્ટ કરતાં થયા છે તેમજ આગળ શીખી રહ્યા છે. જેમાં SCRATCH JUNIOR તેમજ PICTOBLOX એપ દ્વારા વિદ્યાર્થીઓને કોડિંગની તાલીમ આપવામાં આવે છે.
- સંભવતઃ સુરેન્દ્રનગર જીલ્લાની તેમજ સમગ્ર રાજ્યની પ્રથમ સરકારી શાળા હશે જ્યાં આવા કોડિંગના વર્ગ શરૂ થયા હોય.

## ઈનોવેશનનું મૂલ્યાંકન :

- વિદ્યાર્થીઓ વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરતાં થયા.
- વિદ્યાર્થીઓના તાર્કિક ચિંતનમાં વધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓનું વિવિધ ગેમ્સ પ્રત્યેનું વળગણ ઓછુ થવા લાગ્યું.

**- વડીયા પ્રા. શાળા, તા.સાયલા**

# ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પ્રેરિત અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર આયોજિત સાતમાં એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ- અહેવાલ

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પ્રેરિત અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર આયોજિત સાતમાં એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન સંદર્ભે તા. ૩૦/૧૧/૨૦૨૧ અને તા.૨/૧૨/૨૦૨૧ દરમિયાન ડાયેટ ખાતે ઈનોવેશન શેરીંગ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલ.આ કાર્યશિબિરમાં તમામ તાલુકામાંથી ક્લસ્ટરદીઠ ઈનોવેશનમાં રસ ધરાવતા શિક્ષકને બોલાવવામાં આવ્યા હતા.તમામ શિક્ષકોએ પોતાની શાળામાં કરેલ ઈનોવેટીવ પ્રવૃત્તિનું શેરીંગ કરેલ અને ડીઆઈસીકો, કેઆરપી તેમજ અન્ય શિક્ષકો દ્વારા તેમાં જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.આ કાર્યશિબિરમાંથી ૩૦ ઈનોવેશનની જીલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટીવલ માટે પસંદગી કરવામાં આવી હતી.

પસંદ થયેલ ૩૦ ઈનોવેટીવ શિક્ષકોને ઈનોવેશન સ્ક્રીપ્ટ રાઈટીંગ માટે તા.૧૦/૧૨/૨૦૨૧ અને તા.૨૩/૧૨/૨૦૨૧ ડાયેટ ખાતે કાર્યશિબિરમાં બોલાવવામાં આવેલ. આ કાર્યશિબિરમાં નિયત નમુનામાં સ્ક્રીપ્ટ રાઈટીંગ કરવામાં આવ્યું તેમજ ઓનલાઈન ફોર્મ સબમિટ કરવા માટે માહિતી આપવામાં આવી.તા.૨૭/૧૨/૨૦૨૧ અને તા.૨૮/૧૨/૨૦૨૧ ના આ તમામ ઈનોવેટીવ શિક્ષકોના ઈનોવેશનનું વિડીયો રેકોર્ડીંગ કરવામાં આવ્યું.

તા.૩૦/૧૨/૨૦૨૧ અને તા.૩૧/૧૨/૨૦૨૧ દરમિયાન દાદા ભગવાન ત્રિમંદિર, મુળી રોડ,સુરેન્દ્રનગર ખાતે જીલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું.તા. ૩૦ ના રોજ જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી  નરેન્દ્રભાઈ મુંજપરા સાહેબના હસ્તે ઈનોવેશન ફેસ્ટીવલનું ઉદઘાટન કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજ માંથી મુક્તાબેન ડગલી, ડૉ. મનોજ કોરડીયા, રી.એ., જીસીઈઆરટી, મૂકેશભાઈ કટારીયા, દેવાભાઈ સભાડ, કિરતારસિંહ ગોહિલ,તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત હતા.કાર્યક્રમની શરૂઆત પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજની દીકરીઓ દ્વારા પ્રાર્થનાગીતની રજૂઆત દ્વારા થઇ હતી.દક્ષિણામૂર્તિ બાલવિદ્યાર્થી ભવન,ભાવનગરથી ઉપસ્થિત શ્રીમતી દીપાબેન પટેલ અને શ્રીમતી બિંદુબહેન રાઠોડ દ્વારા સુંદર બાળવાર્તા રજૂ કરવામાં આવી. વડોદ પે.સે.ના શિક્ષકશ્રી બાબુભાઈ ઘોડકિયા દ્વારા અભિનયગીતની રજૂઆત સાથે કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો.ડાયેટ પ્રાચાર્યશ્રી ડો.સી.ટી ટુંડિયા સાહેબ સ્વાગત પ્રવચન અને ઈનોવેશનની વાતો કરી, મહેમાનોનું સ્વાગત, ઈનોવેશન બુકલેટનું વિમોચન, YOUTUBE CHANNEL Live પ્રસારણનું શુભારંભ કરીને ઈનોવેશન ફેસ્ટિવલ ખુલ્લો મુકવામાં આવ્યો.

૩૦ ઈનોવેટીવ શિક્ષકોના સ્ટોલ ઉપરાંત શ્રી એમ.એલ.દોશી મહિલા અધ્યાપન મંદિરની તાલીમાર્થી બહેનો અને શ્રીમતી સદગુણાબહેન સી. યુ. શાહ અધ્યાપન મંદિર, વઢવાણની બહેનો દ્વારા બાળમેલા સલંગ્ન કેટલીક પ્રવૃતિઓના સ્ટોલ, મુળી બીઆરસી ભવન અને થાન બીઆરસી ભવન દ્વારા બીઆરસી ભવન

સલગ્ન પ્રવૃતિઓના સ્ટોલ,પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ,લોકવિજ્ઞાન કેન્દ્ર,અંધશ્રધ્ધા નિવારણ પ્રયોગોના સ્ટોલ, પ્રવૃત્તિશીલ શાળાઓના સ્ટોલએ આ ઇનોવેશન ફેસ્ટિવલનું આકર્ષણ કેન્દ્ર રહ્યા.કાર્યક્રમના બન્ને દિવસ ભોજનબાદ મનીષી વક્તા પૂજ્ય ઉમાકાંત રાજ્યગુરુ દ્વારા પ્રેમાનંદકૃત કુંવરબાઈનું મામેરું આખ્યાન માણ સાથે રજૂ કરવામાં આવેલ.

તા.૩૦ ના દિવસે સાંજે જીસીઈઆરટી નિયામક માનનીય ડો.ટી.એસ.જોશી, ભાવનગર ડાયેટ પ્રાચાર્ય હિરેન ભટ્ટ અને આચાર્યશ્રી નવા નદીસરપ્રા.શાળા રાકેશ પટેલ સાથે ઇનોવેટીવ શિક્ષકોનો સંવાદ કાર્યક્રમ રાખવામાં આવેલ. સાંજના ભોજન અને ડાયરાની રમઝટબાદ કાર્યક્રમનો પ્રથમ દિવસ પૂર્ણ થયો તા. ૩૧ ના દિવસે કાર્યક્રમની શરૂઆત પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજની દીકરીઓ દ્વારા પ્રાર્થનાગીતની રજૂઆત દ્વારા થઇ હતી.દક્ષિણામૂર્તિ બાલવિદ્યાર્થી ભવન,ભાવનગરથી ઉપસ્થિત શ્રીમતી દીપાબેન પટેલ અને શ્રીમતી બિંદુબહેન રાઠોડ દ્વારા સુંદર બાળવાર્તા રજૂ કરવામાં આવી. વડોદ પે.સે.ના શિક્ષકશ્રી બાબુભાઈ ઘોડકિયા દ્વારા અભિનયગીતની રજૂઆત સાથે કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો.માનનીય નિયામકશ્રી ડો.ટી.એસ,જોશી સાહેબના અને રાકેશ પટેલના પ્રેરણાદાયી વકતવ્ય સાથે કાર્યક્રમની શરૂઆત થઇ.બીઆરસી ભવન વઢવાણ,સુરેશભાઈ ધોરીયા અને રમેશચંદ્ર મુલિયાના પુસ્તકોનું સાહેબશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું .

બપોરબાદ તમામ ઇનોવેટીવ શિક્ષકોને શિલ્ડ,પ્રમાણપત્ર,ઇનોવેશનની બુકલેટ અને બેગ એનાયત કરવામાં આવી.અન્ય સ્ટોલ રજૂ કરનાર તમામને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાયેટ લેકચરર અને DIC કો. ડો.કે.આર.પંડ્યા અને બીઆરસી ભવન વઢવાણની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું.








# જીલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ ઈનોવેશન

## : પ્રાથમિક વિભાગ :

| ક્રમ | ઈનોવેટીવ શિક્ષકનું નામ | શાળાનું નામ | તાલુકો | સંપર્ક નંબર | ઈનોવેશનનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્વાતિબેન બી. જોષી | ધામા પ્રા. શાળા | વઢવાણ | ૯૫૩૭૫ ૫૦૧૬૩ | રમતમાં વિજ્ઞાન અને વિજ્ઞાનમાં રમત |
| ૨ | બ્લોક રિસોર્સ સેન્ટર | વઢવાણ | વઢવાણ | ૯૭૩૭૦ ૭૭૧૧૧ | અધ્યયન નિષ્પત્તિ અને તેનું મૂલ્યાંકન ટૂલ અને સ્કૂલ એક્રીડીટેશન (ગુણોત્સવ ૨.૦) |
| ૩ | ડૉ. દિપકકુમાર આર. મહેતા | જેપર પ્રા. શાળા | ચૂડા | ૯૮૯૮૭ ૩૧૯૩૬ | રમતો દ્વારા ભાષા શિક્ષણ |

## : માધ્યમિક વિભાગ :

| ક્રમ | ઈનોવેટીવ શિક્ષકનું નામ | શાળાનું નામ | તાલુકો | સંપર્ક નંબર | ઈનોવેશનનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | સુરેશભાઇ બી. ધોરીયા | સી. ડી. કપાસી હાઇસ્કૂલ | ચૂડા | ૯૨૬૫૬ ૦૪૩૭૬ | ઇ-કન્ટેન્ટ દ્વારા એજ્યુકેશન |
| ૨ | વિજયકુમાર એસ. થોરિયા | કુ. શિવાંગીબા એન. ઝાલા કન્યા વિદ્યાલય | લીંબડી | ૮૩૪૭૪ ૧૬૦૪૧ | જ્ઞાત પરથી અજ્ઞાત (નિયમિત આકારનું ક્ષેત્રફળ, ઘનફળ, પૃષ્ઠફળ) |

# જિલ્લા કક્ષા કલાઉત્સવ પરિણામ

## જીલ્લાનું નામ : સુરેન્દ્રનગર

### સ્પર્ધાનું નામ : કાવ્યગાન સ્પર્ધા, ધો. ૬ થી ૮

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | ગમારા નિતલ ઇંદુભાઇ | પીપળીયા (ધા) પ્રા.શાળા | ૯૯૭૯૦૨૧૧૪૮/૭૯૮૪૦૨૩૫૨૧ | ચોટીલા |
| ૨ | ડાભી પાયલબેન ભીમાભાઇ | કુકડા પ્રા. શાળા | ૯૪૦૮૮૮૯૮૨૬/૮૭૯૯૧૭૧૫૯૮ | મુળી |
| ૩ | ટોરીયા દિલીપ મહેશભાઇ | વ્રજપર પ્રા. શાળા | ૯૮૨૫૬૭૨૩૧૯/૯૯૨૪૭૩૧૫૧૨ | ધ્રાંગધ્રા |

### સ્પર્ધાનું નામ : કાવ્યગાન સ્પર્ધા, ધો. ૯ થી ૧૦

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | ઉધરેજીયા કાજલ વી. | શ્રી માધ્યમિક શાળા, સરા | ૯૪૨૮૪૭૫૬૦૯/૯૯૭૯૯૬૩૬૮૨ | મુળી |
| ૨ | મેટાલિયા રસીલાબેન વી. | મૉડેલ સ્કુલ, નાવા | - | ચોટીલા |
| ૩ | ઝાલા કાર્તિકસિંહ એસ. | સરકારી માધ્યમિક શાળા, ભલગામડા | - | લીંબડી |

### સ્પર્ધાનું નામ : કાવ્યગાન સ્પર્ધા, ધો. ૧૧ થી ૧૨

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | બ્રાહ્મણીયા પુજાબેન જે. | એ. વી. ઓઝા સંસ્કાર વિદ્યાલય, લખતર | ૯૭૨૩૧૧૪૫૫૯/૮૭૫૮૫૬૩૭૫૧ | લખતર |
| ૨ | ચોવશીયા નટવરભાઇ ડી. | શેઠ જે. એસ. સરકારી હાઇસ્કુલ, ચોટીલા | ૭૩૮૩૪૯૯૭૩૦ | ચોટીલા |
| ૩ | કોંઢીયા સજજાદ એ. | શ્રી ન્યાલકરણ વિદ્યામંદિર, વઢવાણ | - | વઢવાણ |

### સ્પર્ધાનું નામ : નિંબધ લેખન સ્પર્ધા, ધો. ૬ થી ૮

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | છત્રોટીયા દેવકરણ ગીધાભાઇ | રૂપાવટી પ્રાથમિક શાળા | ૭૯૮૪૦૭૮૪૪૦ | થાન |
| ૨ | ખાંભલા સંધ્યાબેન એમ. | સાયલા-૨ પ્રાથમિક શાળા | ૭૭૭૮૯૩૭૦૩૫ | સાયલા |
| ૩ | પટેલ વેદકુમાર તેજસભાઇ | હીરાપુર પ્રાથમિક શાળા | ૯૪૨૮૭૧૯૯૧૨ | ધ્રાંગધ્રા |

### સ્પર્ધાનું નામ : નિંબધ લેખન સ્પર્ધા, ધો. ૯ થી ૧૦

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | સોલંકી મિત્તલ જી. | મૉડેલ સ્કુલ, નાવા | ૯૯૭૯૭૦૫૬૯૫ | ચોટીલા |
| ૨ | જાંબુકિયા નયના ડી. | સરકારી માધ્યમિક શાળા, ભલગામડા | - | લીંબડી |
| ૩ | ચૌહાણ કિરણ એન. | જ્ઞાનદીપ હાઇસ્કુલ, ગુજરવદી | - | ધ્રાંગધ્રા |

### સ્પર્ધાનું નામ : નિંબધ લેખન સ્પર્ધા, ધો. ૧૧ થી ૧૨

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | રામાનુજ નંદીની એમ. | પી.જી.એન.એમ.એસ. ગર્લ્સ હાઇસ્કુલ | ૭૪૩૩૦૦૦૪૧૭/૯૯૨૫૮૮૪૫૭૭ | વઢવાણ |
| ૨ | ચોવેસીયા હેતલ બી. | માધ્યમિક શાળા, સરા | ૯૪૨૮૪૨૫૬૦૯ | મુળી |
| ૩ | શંખલપુરા કિંજલ આર. | સુરજમલજી હાઇસ્કુલ, પાટડી | | પાટડી |

## સ્પર્ધાનું નામ : વક્તૃત્વ સ્પર્ધા, ધો. ૬ થી ૮

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | સુતરીયા રિયા સંદીપભાઇ | જેપર પ્રાથમિક શાળા | ૯૪૨૭૮૭૩૧૭૫ | ચોટીલા |
| ૨ | હાલાણી સાધનાબેન વિજયભાઇ | પ્રા. શાળા નં.૧૨, ધ્રાંગધ્રા | ૭૯૯૦૮૨૨૩૧૫ | મુળી |
| ૩ | ભુવાત્રા તેજલ રઘુભાઇ | પ્રાથમિક શાળા નં.૧, રાણાગઢ | ૯૩૧૩૧૦૬૯૭૭ | ધ્રાંગધ્રા |

## સ્પર્ધાનું નામ : વક્તૃત્વ સ્પર્ધા, ધો. ૯ થી ૧૦

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | જાડેજા પ્રિયાંશીબા એચ. | કુ. શિવાંગી વિદ્યાલય, લીંબડી | ૯૭૩૭૦૨૪૬૫૬/૯૯૯૮૬૮૫૯૧ | લીંબડી |
| ૨ | કણજરીયા રીન્કુ બી. | કે.પી.ગર્લ્સ હાઇસ્કુલ, વઢવાણ | | વઢવાણ |
| ૩ | ત્રાજીયા દિવીશાબેન કે. | પુ. એલ. એમ. વોરા ગર્લ્સ હાઇસ્કુલ, સાયલા | | સાયલા |

## સ્પર્ધાનું નામ : વક્તૃત્વ સ્પર્ધા, ધો. ૧૧ થી ૧૨

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | ઝાલા વિરલબા એચ. | એન.એમ.હાઇસ્કુલ, લીંબડી | ૬૩૫૧૦૬૫૫૯૪/૬૩૫૩૦૭૯૫૯૬ | લીંબડી |
| ૨ | શેખ અનિતાબેન આર. | મોડેલ ડે સ્કુલ, સણોસરા | | ચોટીલા |
| ૩ | ઝાલા મયુરીબા ડી. | એસ.સી.યુ.શાહ વિકાસ ગર્લ્સ હાઇસ્કુલ | | વઢવાણ |

## સ્પર્ધાનું નામ : ચિત્ર સ્પર્ધા, ધો. ૬ થી ૮

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | સવુકિયા વિશ્વાબેન અરવિંદભાઇ | પે.સે.શાળા નં.૨, સાયલા | ૯૭૧૪૭૯૬૬૯૬ | લીંબડી |
| ૨ | ભંકોડિયા કાજલબેન બટુકભાઇ | મોટીમજેઠી પ્રાથમિક શાળા | ૯૮૨૪૯૯૮૫૮૪ | ચોટીલા |
| ૩ | કિંજલ નટવરભાઇ રૂદાતલા | શક્તિનગર પ્રાથમિક શાળા | ૮૨૦૦૯૧૫૬૫૬ | વઢવાણ |

## સ્પર્ધાનું નામ : ચિત્ર સ્પર્ધા, ધો. ૯ થી ૧૦

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | પઢીયાર ઇશા ડી. | આર.પી.પી.ગર્લ્સ હાઇસ્કુલ, સુરેન્દ્રનગર | ૯૪૨૯૬૫૧૨૫૮ | વઢવાણ |
| ૨ | દસાડીયા ભાર્ગવ એચ. | એમ.આર.ગાર્ડી વિદ્યાલય, અણીન્દ્રા | - | વઢવાણ |
| ૩ | વાલાણી અંજલિ વી. | એમ.ડી.એમ.કન્યા વિદ્યાલય, ધ્રાંગધ્રા | - | ધ્રાંગધ્રા |

## સ્પર્ધાનું નામ : ચિત્ર સ્પર્ધા, ધો. ૧૧ થી ૧૨

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | પરમાર પ્રવીણભાઇ જે. | સરકારી ઉ.મા.શાળા, બળોલ | ૯૪૨૯૬૧૨૬૫૦/૮૧૪૦૬૪૦૮૨૪ | લીંબડી |
| ૨ | પરમાર સિદ્ધીબા એમ. | પુ.એલ.એમ.વોરા ગર્લ્સ હાઇસ્કુલ, સાયલા | ૯૭૨૩૫૯૬૯૬૦ | સાયલા |
| ૩ | ઓળકિયા શુભમ આર. | આર.એ.પટેલ બોયઝ હાઇસ્કુલ, વઢવાણ | | વઢવાણ |

# પૃથુગઢ પ્રાથમિક શાળા એક પરિવાર

**- મુકેશભાઇ એસ. બદ્રેશીયા**

પ્રશ્ન હોય તો, એનો ઉકેલ હોય,
સમસ્યા હોય તો, એનું સમાધાન પણ હોય,
મુશ્કેલી હોય તો, એને દુર કરવાની રીત પણ હોય.

આપણી શાળામાં નાની નાની મુશ્કેલી છે, થોડાક પ્રશ્નો છે, અને નજીવી સમસ્યાઓ છે. એને દુર કરવા માટે તમારો સક્રિય પ્રયાસ જોઈએ છે.– આટલી વાત તેમણે પ્રથમ શિક્ષક ભાઈ બહેનોની મીટીંગમાં અને બીજી વાર SMC ની મીટીંગમાં કરી. વાલી મીટીંગમાં પણ આ વાત પુનઃદોહરાવવામાં આવી. તેમણે પાંચ સમસ્યાઓ રજુ કરી તે આ મુજબ હતી.

૧. શાળામાં વર્ગ ખંડોની ઘટ છે.

૨. બાળકોને પીવા માટે પાણીની રુમ હોવી જોઈએ.

૩. શાળામાં બાળકોની સંખ્યાના પ્રમાણમાં પુરતા ટોયલેટ નથી.

૪. બાળકોને પ્રાર્થના માટે બેસવા હોલ કે રુમ નથી.

૫. શાળામાં બાળકોને આવવું ગમે તેવો રળિયામણો બગીચો હોવો જોઈએ.

આ તમામ સમસ્યા રજુ કરનાર વ્યક્તિ શાળામાં નવા આવનાર આચાર્ય ચંપકભાઈ કાનાણી હતા. ઢીલો પોચો વ્યક્તિ હોય તો આચાર્ય માંથી રાજીનામું આપી પાછા શિક્ષકમા જતા રહે પણ આ માણસ તો આર્મીમેન હતો. મજબુત મનોબળ, અડગ સંકલ્પ અને કાર્યનિષ્ઠાનો ત્રિવેણી સંગમ તેમના માં હતો. અને તેમને શાળામાં કઈંક નવું કરવાના સંકલ્પ સાથે કાર્યની શરુઆત કરી.

શાળામાં વાચન, લેખન, ગણનમાં નબળા બાળકોના વાલીને બોલાવી તેમની સાથે ચર્ચા કરવામાં આવી.બાળકોને પણ પ્રાર્થના કાર્યક્રમમાં અભ્યાસ માટે જાગૃત કરવા માટે પ્રોત્સાહન આપવાનું શરુ કરવામાં આવ્યું.

શાળાની સમસ્યાઓને દુર કરવાનું કાર્ય શિક્ષક મિત્રોને સાથે રાખી શરુ કર્યું. સૌ પ્રથમ પાણીની રુમની સગવડતા કરવામાં આવી તે માટે રુમની સીડી નીચે બહાર દરવાજો બનાવી રુમ બનાવી તેમાં શિક્ષકોએ જાતે નળ ફીટીંગ કરી ૧૦ નળની

સગવડતા કરી. ઉનાળામાં બાળકોને ઠંડુ પાણી મળી રહે તે માટે ગામના એક વાલીને મળી તેઓ જે કંપનીમાં જતા હતા તે કંપનીનો સંપર્ક કરી કુલર માટે દાન મેળવ્યું, તેમાં ઘટતી રકમ ગામના દાતા તરફ થી આપવામાં આવી.

ગામના કડીયાકામ કરતા ભાઈનો સંપર્ક કરી બંધ પડેલા ટોયલેટ રીપેરીંગ કરી ચાલુ કરાવ્યા જેથી બાળકોને ટોયલેટની તકલીફ મહદઅંશે દુર થઈ.

૨૬મી જાન્યુઆરીએ લોકફાળો આવ્યો તે અને શાળા ગ્રાન્ટનો ઉપયોગ કરી શાળાને કલર કામ કરાવ્યું જેથી શાળામાં નવા ફેરફારો જોઈ ગામલોકો પણ શાળાના કામમાં સહકાર આપવા લાગ્યા.

બાળકોને પ્રાર્થના કરવા ઓટલો હતો પણ તેના ઉપર પતરાનો શેડ ન હતો. તે માટે ૨૬ જાન્યુઆરી પહેલા SMC સભ્યો તથા સરપંચને સાથે રાખી ગામમાં દાતાઓનો અને રામાપીર યુવક મંડળનો સંપર્ક કરવામાં આવ્યો અને શેડ માટે રજૂઆત કરી જેથી ૨૬ મી જાન્યુઆરીના દિવસે શેડ બનાવવા માટે ૩૧૦૦૦/ રૂપિયા ત્રિભોવનદાદા એ આપ્યા, સાથે રામાપીર યુવક મંડળે ૨૫૫૦૦/ રૂપિયા આપ્યા, અન્ય દાતાઓએ ૧૧૦૦ રૂપિયા તથા શાળાના શિક્ષકોએ પણ પોતાનો ફાળો આપી શેડ બનાવવા માટે જરૂરી રકમ કરી આપી.

ગામના કડીયાકામ તથા લાદીકામના કારીગર ભાઈઓનો સહકાર લેવામાં આવ્યો. આ કાર્ય માટે એક કમિટી બનાવી સરસ મજાનો ૫૨ ૨૫ ફૂટનો શેડ તૈયાર થયો, આ સમય દરમ્યાન ગામના વાલીઓનું એક વોટસએપ ગ્રુપ બનાવવામાં આવ્યું અને આ તમામ હિસાબો મુકવા માં આવ્યા. સાથે સાથે શાળામાં થતી નવી નવી પ્રવૃત્તિઓના ફોટો મુકવામાં આવ્યા, જેથી વાલી શાળાની પ્રવૃતિઓ થી વાકેફ થવા લાગ્યા.

રૂમની ઘટ દુર કરવા SMC અધ્યક્ષ, સરપંચશ્રી, તાલુકા સદસ્ય, ગામના વડીલો સાથે મળી SSA કચેરીમાં રજૂઆત કરવામાં આવી જેથી ૪ રૂમ ફાળવવામાં આવ્યા. મેદાનમાં ૬૦ ફેરા માટી પુરાણ ગામના ટ્રેકટર ધરાવતા લોકો દ્વારા કરી આપવામાં આવ્યું

કુમાર કન્યા માટે નવા આધુનિક સુવિધા વાળા ટોયલેટ બ્લોક મંજુર કરાવી બનાવવા માં આવ્યા.

હવે સમય હતો શાળાને રળિયામણી બનાવવાનો. તે માટે SMC સભ્યો સાથે શાળામાં રસ ધરાવતા વાલીઓ દ્વારા જીલ્લાની સારી શાળા. ટીડાણા અને સામતપર શાળાની એક મુલાકાત લેવામાં આવી. ગામના લોકોની મીટીંગ કરી શાળામાં બાગીચો બનાવવા માટે નકશો બનાવી વાત રજુ કરવામાં આવી. જેમાં ગામલોકોએ તન મન

અને ધન થી ખુબ સહકાર આપ્યો. કડીયા કામ કરતા ભાઈઓએ એક એક દિવસ શાળામાં સેવા આપી. જે ભાઈઓને દિવસે અનુકુળતા ન હોય તે રાત્રે શાળામાં સેવા આપવા આવતા, આમ રાત દિવસ અવિરત કામ કરી સરસ મજાનો ફુવારા સાથેનો બગીચો બનાવવા માં આવ્યો. જેમાં કાળી માટી બાજુના ગામના તળાવ માથી લાવી પુરવામાં આવી. અને જુન મહિનામાં ગામલોકોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ. આ વૃક્ષોને પાણી પાવા માટે મેદાનમાં નળ ફીટીંગ ગામના લોકો અને શિક્ષકોએ સાથે મળી કર્યું.

શાળામાં CCTV કેમેરા લગાવવામાં આવ્યા. કોમ્પ્યુટર લેબ વીજળી પડવાના કારણે બળી જતા તેને ઓમેક્ષ કોટન સ્પીન વાળા જયેશભાઈ ને મળી વાત કરતા તેમને દાન આપ્યું. જેમાંથી કોમ્પ્યુટર રીપેરીંગ કરાવ્યા અને ૬ નવા કોમ્પ્યુટર ખરીદી કરવામાં આવ્યા.

બાળકોને જમવા માટે મધ્યાહન ભોજન શેડ તાલુકા માંથી મંજુર કરાવી બનાવવામાં આવ્યો. સાથે સાથે રસ્તામાં બ્લોક પાથરી સરસ મજાનું મેદાન ડેવલોપ કરવામાં આવ્યું.

અમે જેવા છીએ તેવાજ રહીશું,<br>
કોઈના કહેવાથી નહિ બદલીશું.<br>
પરિવર્તન સૃષ્ટિનો નિયમ હોય તો,<br>
અમે પોતાને નહિ દુનિયાને બદલીશું.

ચંપકભાઈ કાનાણીને જ્યારે પૂછવામાં આવ્યું કે તમને સમસ્યા બોજારૂપ ન લાગી ? ત્યારે તેમનો જવાબ ઉપરની પંક્તિ મુજબ હતો. શાળામાં ઉતરોતર સુધારો થતો ગયો, બાળકોને ભણવામાં રૂચી વધતી ગઈ, વાલીઓનો શાળા તરફનો અભિગમ બદલાયો, શિક્ષકોના સતત પ્રયાસ થી શાળામાં બાળકોની સંખ્યા પણ વધતી ગઈ, ખાનગી શાળામાં જતા બાળકો સરકારી શાળામાં આવતા થયા.

ચાલો ત્યારે આપણી શાળામાં પણ આવી કોઈ સમસ્યા હોય તો તેના ઉકેલ માટેના પ્રયત્નો કરીએ, કઇક સારું કર્યાનો આનંદ મેળવીએ, કાર્ય પ્રત્યેની નિષ્ઠાને સૃદઢ બનાવીએ. સર્વાંગી શિક્ષણની ભૂમિકામાં આપણે યોગદાન આપીએ.....

**– આચાર્ય**

**શાળા નં.૧૭, સુરેન્દ્રનગર.**

**મો. ૯૮૭૯૪ ૯૭૫૫૫**

# "આપણી કાંઈ ચિંતાઓ કરશો નહિ રામ અને નિરાંતે સુઈ જજો શામળા"

- ધ્રૃવ ભટ્ટ

આપણે ક્યારેય ચિંતામુક્ત રહીએ છીએ? અને તમે ખાસ જોજો કે સૌને પોતાના કરતા પોતાના લોકોની ચિંતા હોય, પોતાના લોકો એટલે પતિ કે પત્ની કે બાળકો કે માતા પિતા. પણ જો તમે પોતે પેરેન્ટ્સ છો તો તમને સૌથી વધુ કોની ચિંતા હોય? બસ, જે જવાબ મનમાં આવ્યો અથવા જેનો ચહેરો કે નામ સંભળાયુંને એ વ્યક્તિનું તમે નિર્માણ કર્યું હશે, તેમના સર્જનમાં તમારો ફાળો હશે. ખરું ને?

માતા પિતા સતત મથતા રહેતા હોય પોતાના સંતાનની આવનારી કાલને સુખમય બનાવવા. એમના માટે રીકરીંગ ખોલાવે, ફિક્સ મૂકે, સોનુ ખરીદે, પ્લોટ ખરીદે,મોંઘી દાટ ફી લેતી શાળામાં કલાકો સુધી લાઈનમાં ઉભા રહે એડમિશન માટે અને બીજું એ બધું જ જે જે તમે અત્યારે વિચારી રહ્યા છો. અવારનવાર સંભળાયા કરે કે છોકરા સુખી થાય એટલે બસ, બીજું શું જોઈએ? અથવા તો એક આ છોકરાવ સેટ થઇ જાયને પછી ચિંતા નહિ, અથવા જે મને નથી મળ્યું ને એ મારે મારાં બાળકોને આપવું છે, એમના માટે તો છે આ દોડધામ.. આવું ક્યારેક તમે પણ વિચાર્યું હશે ને? એવા કેટલા મા–બાપ હશે જે બાળકોના ભૌતિક સુવિધાના સુખ માટે સંઘર્ષ કરતા હશે?

ક્યારેક તો માતા પિતા બાળકોને કે'તા હોય છે કે આ બધું કોના માટે કરું છું તારા માટે. મારે ક્યાં જરૂર છે કાંઈ? તને ગાડી અપાવવી છેને એટલે દોડા કરું છું. જો બાળક નાનું હશે તો તો અડધું એને ઉપરથી જશે કારણકે એને ઓવરટાઈમ આપો એવી ઈચ્છા હોય એની એ તમારી નોકરીના ઓવરટાઈમ ક્યાં સમજવાનો? અને કોઈક તો હિંમત કરીને કહી દેશે કે પપ્પા હું કહું છું કે મજૂરી કરો? મારી ગાડી હું લઇ લઈશ તમે આમ સંભળાવવું હોય તો કાંઈ ન કરો રહેવા દો. સંતાન અને માતાપિતાની આવી ચર્ચાઓ તમે પણ સાંભળી જ હશે કદાચ અનુભવી પણ હશે. આ જ વિષયે થોડી વાત કરીશું?

સંતાનના ભવિષ્યની ચિંતા કરતા મમ્મી પપ્પા એ કાંઈ જ કરવું ન પડે જો તે ભવિષ્ય નિર્માણ કરતા ચારિત્ર્ય નિર્માણ માટે વિચારે તો.

દર મહિને બેંકમાં પૈસા મુકવાને બદલે એ પૈસા કમાવા માટે વાપરેલો સમય એ બાળક સાથે વિતાવીએ તો? બાળકના નામની ફિક્સ ડિપોઝીટ મુકવા માટે કરેલ કેટલાય સંશોધનોની બદલે તેના ગમા–અણગમા વિશે સંશોધન કરીએ તો? તેને આર્થિક સદ્ધર બનાવવા માટે કરેલ સંઘર્ષ

તેના અસ્તિત્વને સમજવા માટે કરીએ તો?

તેના માટે કાપલી કે ચોરીની ભલામણ કરવાનો વારો જ ન આવે એવુ ન થઇ શકે?

શું એવુ શક્ય છે કે બાળકને ખાતરી હોય પોતાના મા બાપ પર વિશ્વાસવાસ હોય કે હું ખોટો હોઈશ તો મારો બચાવ નહિ જ થાય. મા બાપને પણ શ્રદ્ધા હોય કે જેમાં ખોટું હશે તેમાં મારૂ સંતાન નહિ જ હોય.

જો આવું બને તો આવનાર સમયમાં રન એન્ડ હિટ કેસ કે પેપરલીક થવાની ઘટના, એસિડ એટેક, નિર્ભયા કેસ અને અત્યારે તમને જે જે સામાજિક બદીઓ યાદ આવી રહી છે એ તમામ ઉપર અંકુશ આવી શકે. અને ધારોકે એવુ કશું ન થયું પણ તમારું બાળક દુઃખી કરશે નહિ અને દુઃખી થશે નહિ. માતા પિતાને આનાથી વિશેષ શું જોઈએ?

જો તમે માતા પિતા છો તો તમે શું કરશો તમારા સંતાનનું ભવિષ્ય નિર્માણ કે ચારિત્ર્ય નિર્માણ?

**- સંજ્ઞા આચાર્ય**

**મુખ્યશિક્ષક, રામગઢ પ્રાથમિક શાળા**

# 'દક્ષિણાયન' – પુસ્તક પરિચય

**- સંકલન : ડૉ. અલકાબેન દેવમુરારી, આચાર્ય**

**પ્રવાસનું મહત્વ :-**

માણસે મકાન બનાવ્યું પણ તેનો ભ્રમણરસ આજે પણ ઓછો થયો નથી. આ પ્રવાસ કે ભ્રમણરસ મનુષ્યની વૃત્તિ, વલણ કે રુચિ અનુસાર થતો હોય છે. માનવીની જેટલી સજ્જતા તેટલો તેનો આ ભ્રમણરસ વધારે પરિતૃપ્ત થતો હોય છે. માનવી માત્ર સ્થૂળ રીતે તો કોઈ પણ ભૂમિભાગનું અટન–પ્રવાસન કરતો રહે છે, પરંતુ શરીરી યાત્રાની સાથે સાથે તેના મનની સૂક્ષ્મ યાત્રા–મનોયાત્રા પણ અવિરતપણે ચાલતી રહે છે. આ મનોયાત્રાનું પ્રતિબિંબ યાત્રી જો સર્જક હોય તો તેના સર્જનમાં મુખરિત થતું હોય છે. સમર્થ સર્જક પોતાના પ્રવાસદર્શનનાં સ્થૂળ સૂક્ષ્મ સ્મરણોને પુસ્તકમાં સાકાર કરતો હોય છે ત્યારે તેમાં જીવંતતા અને ચિત્રાત્મકતા પ્રવેશે છે. કાલેલકર કૃત 'હિમાલયનો પ્રવાસ' આ સંદર્ભમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાવી શકાય. આવા પ્રવાસવર્ણનના પુસ્તકમાં સ્થૂળ–ભૌતિક સ્થાનોનાં વર્ણનોની સાથે સાથે પ્રવાસી પથિકની આંતરયાત્રાનો નકશો પણ આકાર ધારણ કરતો હોય છે. ભૂગોળગત નિસર્ગના દર્શનથી કે ઈતિહાસગત સંસ્કૃતિના સાયજ્યભાવથી પ્રવાસીના મનમાં જે સંસ્કારો જાગ્રત બને છે, ચિત્તમાં જે મુદ્રા અંકિત થાય છે તેનો સજીવ આલેખ પ્રવાસવર્ણનમાં લિપિબદ્ધ થાય છે.

ઈતિહાસના કે ભૂગોળના ગ્રંથ કરતાં પ્રવાસગ્રંથની મહત્તા વિશેષ છે, કારણ કે એમાં સ્થળના દર્શન–વર્ણનનો મહિમા તો જાણવા મળે જ છે, પણ તેની સાથ સાથે પ્રવાસ કરનાર પથિકના વિશિષ્ટ વ્યક્તિત્વનો એવં તેના આંતરમનનાં સૂક્ષ્મ વૃત્તિ–વલણોનો પરિચય પણ તેમાંથી ઉપલબ્ધ બને છે.

સુંદરમ્‌નો પ્રવાસ–સમયનો પરિબળો :–

'દક્ષિણાયન' એ સુંદરમની પ્રવાસવર્ણનની એક ચિત્રાત્મક કૃતિ છે. સને ૧૯૩૫ના વર્ષના અંતરમાં સુંદરમે ભારતના દક્ષિણ ભાગનો જે પ્રવાસ કર્યો તેનું વર્ણન એમાં નિરૂપિત બન્યું છે. તે સમયની આપણા દેશની પરિસ્થિતિનું તેમાં પ્રતિબિંબ પ્રગટ થયું છે. રાજકીય, સામાજિક તથા સાંસ્કૃતિક સ્થિતિનો સુંદરમ્ ઉપર જે પ્રભાવ પડ્યો, જે પ્રતિભાવ જાગ્યો તેનું વર્ણન એમના સર્જનમાં ઊપસ્યું છે.

સમગ્ર રાષ્ટ્રમાં આઝાદીના જુવાળની હવા ફૂંકાતી હતી. સમગ્ર રાષ્ટ્રની કાયા સ્વાતંત્ર્ય આંદોલનથી ક્ષુબ્ધ બની હતી. જનતાની ચેતનામાં એક સર્વતોમુખી જાગૃતિનો જુવાળ ઉછાળા મારતો હતો. પ્રજાચિત્તમાં આઝાદી માટેની અવિરત ધૂન રણકતી હતી. ગુલામી, દરિદ્રતા, સામાજિક અન્યાય, અંધશ્રદ્ધા, શોષણ જેવાં અનિષ્ટો સામે સંગ્રામ શરૂ થઈ ચૂક્યો હતો. સુંદરમ્ આ સંગ્રામના સૈનિક બનેલા છે. તેઓ અનેક મોરચે ઝઝૂમવા તત્પર બનેલા છે. સંગ્રામસજ્જ સુંદરમ્નાં સૂક્ષ્મ સંવેદનો એમનાં સર્જનોમાં ઝિલાવા લાગ્યાં છે. શું કવિતા કે શું વાર્તા, શું નિબંધ કે શું પ્રવાસવર્ણન – આ સર્વમાં પ્રચંડ સંક્ષભની ધ્રુજારીઓ મુખરિત બનવા લાગી છે. કવિ રાષ્ટ્રરોગ રૂપે વ્યાપેલ અન્યાયથી કંપી ઊઠે છે. હવે કવિની શ્રદ્ધા ડગમગવા લાગે છે. ન ઈશ્વરમાં કવિને આસ્થા રહે છે, ન ધર્મમાં શ્રદ્ધા રહે છે. કવિ ઈશ્વરને આસન ઉપરથી ઉઠઆઢઈ મૂકવાની પણ વાત કરે છે. આ પ્રકારનાં બાહ્ય–આંતરિક પરિબળો સુંદરમ્ની પ્રવાસ–અનુભૂતિને પણ અસર કરે એ ખૂબ જ સહજ છે.

**'દક્ષિણાયન'ની ફલશ્રુતિઃ-**

સુંદરમ્ની પ્રવાસસૌંદર્યની અનુભૂતિ 'દક્ષિણાયન'માં ચિત્રાંકિત થઇ છે. સુંદરમ્ કવિ છે, વિવેચક છે, વાર્તાકાર છે, સમાજહિતચિંતક છે. ભારતના દક્ષિણ ભૂમિખંડની યાત્રા દરમિયાન જનજીવનના અને પ્રકૃતિના દર્શનથી ઊઠેલી વિવિધ અને વિશિષ્ટ ભાવમુદ્રાઓનો નકશો અહીં શબ્દસ્થ બન્યો છે. કવિચિત્તનો આ પ્રવાસ હોવાથી આ પ્રવાસગ્રંથમાં સહજપણે કાવ્યત્વ અને સૌંદર્ય અંકિત થયું છે.

પ્રવાસના હેતુ અને દૃષ્ટિ અંગે સુંદરમ્ નોંધે છે : ''પ્રકૃતિસૌંદર્ય, નગરો તથા તીર્થક્ષેત્રો તેમ જ જનસંપર્ક એ બધઆંને લક્ષમાં રાખી બને તેટલો સૌંદર્યાભિમુખ અને સંસ્કૃતદર્શી બની હું ફર્યો. તીર્થક્ષેત્રોમાં મારું માનસ એક ભગવદ્ભક્ત કરતાં શિલ્પસ્થાપત્યના તથા જનનારાયણના સૌંદર્યભક્ત અને ભાવભક્તનું વિશેષ રહ્યું છે.''

પ્રકૃતિ તથા સંસ્કૃતિના પરમભક્ત, સૌંદર્ય અને રસના સૂક્ષ્મ પારખુ કવિ સુંદરમ્ ક્યારેક ભગવદ્ભક્તિથી પણ રંગાય છે અને ક્યારેક વિરાટ સત્યનો સ્પર્શ પણ અનુભવે છે.

**- શ્રી એમ. એલ. દોશી પી. ટી. સી. કોલેજ**

# ઈનોવેશન ફેસ્ટિવલની તસવીરો

















# શ્રી મનુભાઈ પંચોળી ‘દર્શક’

**જન્મ સ્થળ : પંચાશિયા (મોરબી)**



**જન્મ : ૧૫ ઓક્ટોબર, ૧૯૧૪**

**મૃત્યુ : ૨૯ ઓગસ્ટ, ૨૦૦૧**

મનુભાઈ રાજારામ પંચોલી, દર્શક (૧૫-૧૦-૧૯૧૪, ૨૯-૨-૨૦૦૧): નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર. જન્મસ્થળ પંચાશિયા (જિ.મોરબી). પ્રાથમિક શિક્ષણ તીથવા-લુણસરમાં. માધ્યમિક શિક્ષણ વાંકાનેરમાં. તત્કાલીન રાષ્ટ્રીય આંદોલનથી પ્રેરાઈને અભ્યાસત્યાગ. સ્વાતંત્ર્યલડતમાં સક્રિય અને તેથી જેલવાસ. ૧૯૩૨માં ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં ગૃહપતિ તરીકે કારકિર્દીનો આરંભ. ૧૯૩૮થી આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળામાં અધ્યાપક. ૧૯૪૮માં ભાવનગર રાજયના જવાબદાર પ્રજાતંત્રમાં શિક્ષણપ્રધાન. ૧૯૫૩થી સણોસરામાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં અધ્યાપક, નિયામક અને મેનેજિંગ ટ્રસ્ટી. ૧૯૬૭થી ૧૯૭૧ સુધી ગુજરાત વિધાનસભાના સભ્ય અને એ દરમિયાન ૧૯૭૦માં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી. ૧૯૮૦ સુધી રાજ્ય શિક્ષણ સમિતિના સભ્ય. ઈતિહાસ અને સંસ્કૃતિના ચાહક-અભ્યાસી. ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય, ઈતિહાસ, દર્શન, રાજનીતિ અને ધર્મવિષયક ગ્રંથોનું વાંચનમનન અને પરિશીલન. ટાગોરના સૌંદર્યબોધ અને ગાંધીજીના આચારબોધનો સઘન પ્રભાવ. પ્રકૃતિએ ચિંતક હોવાની સાથે ગ્રામવિકાસલક્ષી જાગૃત કેળવણીકાર. નિર્ભીક પત્રકાર અને પીઢ સમાજસેવક. ૧૯૬૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક. ૧૯૭૫માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર. ૧૯૮૭માં ઝેર તો પીધાંને ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર. ૧૯૮૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ.નવલકથા, નાટક અને નિબંધ જેવા સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન કરનાર મૂર્ધન્ય સર્જક દર્શકની સર્જકપ્રતિભાનો સર્વોત્તમ આવિષ્કાર એમની નવલકથાઓમાં મળે છે. ઝેર તો પીધાં છે જાણી જાણી, સૉક્રેટિસ, કુરુક્ષેત્ર એમની ઉત્તમ નવલકથાઓ છે. નૈતિક મૂલ્યો પ્રત્યેની શ્રદ્ધાનો બલિષ્ઠ રણકો એમની નવલકથાઓમાંથી ઉપસે છે. એમનું ભાષા  સામર્થ્ય અને રસાન્વિત શૈલી નવલકથાઓને આસ્વાદ્ય બનાવે છે. આ ઉપરાંત નાટક, ચરિત્ર, વિવેચન ક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

**બુક–પોસ્ટ**

To ______________________________

______________________________

______________________________

<u>**રવાના :**</u>

**શ્રી ઝવેરચંદ મેઘાણી**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

**સુરેન્દ્રનગર**

મુદ્રક : શ્રીજી કોમ્પ્યુટર્સ, સુરેન્દ્રનગર. (કુલ પેજ-૨૪)